Paper Code : 3858

# B ED Sem – III
# Jun/Sep – 2021
# Assessment for Learning

**કુલ સમય : ૩૦ મીનીટ** **કુલ પ્રશ્નો : ૨૫** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૧૮**

**નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૧૮ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૧૮ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.**

---

1. પ્રાપ્તાંકો દર્શાવે છે.......
(A) ગુણ (B) ચોક્કસ કાર્ય માટે લીધેલો સમય (C) ક્રમાંક (D) ઉપરોક્ત બધા
2. ઔપચારિક મૂલ્યાંકન કયું છે?
(A) સામાજિકતામિતિ (B) પ્રશ્નાવલિ (C) લેખિત કસોટી (D) મુલાકાત
3. પ્રાપ્તાંક શ્રેણીના ચાર વિભાગ પાડવા માટે કેટલાં ચતુર્થકોની જરૂર પડે છે?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ
4. નીચેનામાંથી આલેખનો પ્રકાર કયો નથી?
(A) ગજ આલેખ (B) વર્તુળ આલેખ (C) ત્રિકોણ આલેખ (D) સ્તંભ આલેખ
5. સમાન તકો માટેના અંતરાયો ક્યા છે?
(A) પૂરતી શૈક્ષણિક સંસ્થાઓનો અભાવ (B) ફીનું ઉચ્ચ ધોરણ (C) ખાનગી શાળાઓનું વધતું પ્રમાણ (D) ઉપરોક્ત બધા
6. ઓપન બુક એક્ઝામમાં કેવા પ્રકારના પ્રશ્નો ન પૂછવા જોઈએ?
(A) જ્ઞાન આધારિત (B) સમજ આધારિત (C) અર્થગ્રહણ આધારિત (D) કુશળતા આધારિત
7. મોબાઈલ દ્વારા મૂલ્યાંકન સાથે જોડાયેલો શબ્દ કયો નથી?
(A) M-પેપર (B) વોઈસ મેઈલ (C) ઈ-મેઈલ (D) એલાર્મ
8. જો કોઈ એક વિદ્યાર્થીએ S.S.C. કે H.S.C. ની પરીક્ષા પાસ ન કરી હોય અને છતાં તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીમાં છ માસનો પ્રમાણપત્ર કોર્સ કરી સ્નાતક અભ્યાસક્રમ માં પ્રવેશ મેળવી શકે છે, તે કોર્સ એટલે
(A) BPP (B) BBP (C) ECP (D) CCE
9. નીચેનામાંથી કયું મધ્યવર્તી સ્થિતિમાનનું માપ નથી?
(A) મધ્યક (B) મધ્યસ્થ (C) પ્રમાણિત વિચલન (D) બહુલક
10. શ્રેણીના કેટલાં પ્રકાર છે?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ
11. મૂલ્યાંકનનું પ્રથમ સોપાન છે-
(A) અધ્યાપન પ્રક્રિયા નક્કી કરવી (B) શૈક્ષણિક સાધનો નક્કી કરવા (C) વિષયવસ્તુ નક્કી કરવું (D) હેતુઓ નક્કી કરવા
12. કઈ વર્ગીકૃત માહિતીની ગણતરી માટે મધ્યકની જરૂર પડે છે?
(A) વિસ્તાર (B) ચતુર્થક વિચલન (C) પ્રમાણિત વિચલન (D) એક પણ નહિ
13. વિવિધતાનાં જતન અને સમાન તકો માટે કઈ મૂલ્યાંકન પદ્ધતિ યોગ્ય છે?
(A) સ્વ-મૂલ્યાંકન (B) દરેક અભ્યાસક્રમ માટે પ્રવેશ પરીક્ષા (C) A & B (D) ઉપરોક્ત એક પણ નહિ
14. એના પ્રશ્નોની રચના કરવી ખૂબ જ અઘરી છે-
(A) ઓનલાઈન એક્ઝામ (B) ઓપન બુક એક્ઝામ (C) ઓન ડિમાન્ડ એક્ઝામ (D) ઉપરોક્ત બધા
15. CBSE નું પુરું નામ-
(A) Choice based self assessment (B) Choice based special assessment
(C) Central Board of School Education (D) Central Board of Secondary Education
16. ઓનલાઈન મૂલ્યાંકન માટે કયો શબ્દ વાપરી શકાય?
(A) ડીજીટલ મૂલ્યાંકન (B) ઈ-મૂલ્યાંકન (C) ઈલેક્ટ્રોનિક મૂલ્યાંકન (D) ઉપરોક્ત બધા
17. TAT-1 પરીક્ષા કઈ ભરતી માટે લેવાય છે?
(A) નિમ્ન પ્રાથમિક શાળા (B) ઉચ્ચ પ્રાથમિક શાળા (C) માધ્યમિક શાળા (D) મુખ્ય શિક્ષક
18. પ્રોજેક્ટ મેથડના સોપાનો-
(A) પરિસ્થિતિ ઊભી કરવી-પ્રોજેક્ટ પસંદગી-આયોજન-અમલીકરણ-મૂલ્યાંકન (B) પ્રોજેક્ટ પસંદગી-પરિસ્થિતિ ઊભી કરવી-આયોજન-અમલીકરણ-મૂલ્યાંકન
(C) આયોજન-પ્રોજેક્ટ પસંદગી-પરિસ્થિતિ ઊભી કરવી-અમલીકરણ-મૂલ્યાંકન (D) અમલીકરણ-આયોજન-પ્રોજેક્ટ પસંદગી-પરિસ્થિતિ ઊભી કરવી-મૂલ્યાંકન
19. આવૃત્તિ વિતરણનું પ્રથમ સોપાન કયું છે?
(A) વર્ગ પાડવા (B) નાનામાં નાના અને મોટામાં મોટા પ્રાપ્તાંકો વચ્ચેનો તફાવત શોધવો
(C) દરેક વર્ગ માટે આવૃત્તિ સંખ્યા નોંધવી (D) ઉપરોક્ત એકપણ નહિ
20. મૂલ્યાંકનની વિવિધતા સૂચવે છે-
(A) સંકલનાત્મક મૂલ્યાંકન (B) સહ અભ્યાસિક પ્રવૃત્તિ આધારિત મૂલ્યાંકન (C) સંરચનાત્મક મૂલ્યાંકન (D) ઉપરોક્ત એકપણ નહિ
21. કઈ ગણતરી માટે આપણે પ્રાપ્તાંકોને ચડતા કે ઉતરતા ક્રમમાં ગોઠવવા પડે છે?
(A) મધ્યક (B) મધ્યસ્થ (C) મધ્યક અને મધ્યસ્થ બંને (D) ઉપરોક્ત એકપણ નહિ
22. કયું ચલિતતાનું માપ નથી?
(A) વિસ્તાર (B) પ્રમાણિત વિચલન (C) ચતુર્થક વિચલન (D) મધ્યક
23. 25 વિદ્યાર્થીઓના એક વર્ગમાં 12 છોકરાઓ અને 13 છોકરીઓ છે. છોકરાઓની ટકાવારી જણાવો.
(A) 50 (B) 52 (C) 12 (D) ઉપરોક્ત એકપણ નહિ
24. બ્લેન્ડેડ અનુભવો ક્યારે પૂરા પાડી શકાય?
(A) વર્ગશિક્ષણ શરૂ કરતા પહેલા (B) વર્ગશિક્ષણ દરમિયાન (C) વર્ગશિક્ષણ પૂરું થયા બાદ (D) ઉપરના તમામ
25. RTE-2009 ની કલમ-5 મુજબ કેટલી ઉંમરના બાળકને મફત, ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ છે?
(A) 5 થી 12 વર્ષ (B) 6 થી 12 વર્ષ (C) 6 થી 14 વર્ષ (D) 3 થી 12 વર્ષ

---------------